હવાને ગાળો ન આપો , બસ જ્યારે તમે કોઈ નાપસંદ વસ્તુ જુઓ , તો કહો : "અલ્લાહુમ્મ ઇન્ના નસ્અલુક મિન ખૈરિ હાઝિહિર્ રીહિ વ ખૈરિ મા ફીહા વ ખૈરિ મા ઉમિરત બિહિ , વનઅઊઝુબિક મિન શર્રિ શર્રિ હાઝિહિર્ રીહિ વ શર્રિ મા ફીહા વ શર્રિ મા ઉમિરત બિહિ " (હે અલ્લાહ ! અમે તારી પાસે આ હવાની ભલાઈ નો સવાલ કરીએ છીએ અને એ વસ્તુંની ભલાઈની જે તેમાં છે , અને તે વસ્તુની ભલાઈનો જેની સાથે તે મોકલવામાં આવી છે , અને અમે તારી પનાહ માગીએ છીએ આ હવાની બુરાઈથી અને તે વસ્તુની બુરાઈથી જે તેમાં છે અને તે વસ્તુની બુરાઈથી જેની સાથે તે મોકલવામાં આવી છે)

ઉબૈ બિન કઅબ રઝી અલ્લાહુ અન્હુ રિવાયત કરે છે , તેમણે કહ્યું : અલ્લાહના પયગંબર એ કહ્યું : «હવાને ગાળો ન આપો, બસ જ્યારે તમે કોઈ નાપસંદ વસ્તુ જુઓ , તો કહો : "અલ્લાહુમ્મ ઇન્ના નસ્અલુક મિન ખૈરિ હાઝિહિર્ રીહિ વ ખૈરિ મા ફીહા વ ખૈરિ મા ઉમિરત બિહિ , વનઅઊઝુબિક મિન શર્રિ શર્રિ હાઝિહિર્ રીહિ વ શર્રિ મા ફીહા વ શર્રિ મા ઉમિરત બિહિ " (હે અલ્લાહ! અમે તારી પાસે આ હવાની ભલાઈ નો સવાલ કરીએ છીએ અને એ વસ્તુંની ભલાઈની જે તેમાં છે , અને તે વસ્તુની ભલાઈનો જેની સાથે તે મોકલવામાં આવી છે , અને અમે તારી પનાહ માગીએ છીએ આ હવાની બુરાઈથી અને તે વસ્તુની બુરાઈથી જે તેમાં છે અને તે વસ્તુની બુરાઈથી જેની સાથે તે મોકલવામાં આવી છે)».

[સહીહ (આ હદીષ સાચા દરજજાની છે)] [આ હદીષને ઈમામ તિર્મિઝિ રહિમહુલ્લાહએ પણ રિવાયત કરી છે]

આ હદીષમાં નબી એ હવાને ગાળો આપવા અને મહેણાંટોણાં મારવાથી રોક્યા છે , કારણકે તે તેના સર્જક તરફથી છે , અને તે અઝાબ અને કૃપા લઈને આવે છે , અને તેને અપશબ્દો કહેવા વાસ્તવમાં તેના સર્જકને અપશબ્દો કહેવા જેવુ છે , અને તેના આદેશ પર નારાજ થવું છે , ફરી નબી એ તેના સર્જક પાસે તેની ભલાઈ અને તેમાં રહેલી ભલાઈ અને જે તે લઈને આવી રહી છે તેની ભલાઈનો સવાલ કરવાનું માર્ગદર્શન આપ્યું , જેમકે વરસાદ લાવવો , દવા ઉતારવી , વગેરે , એવી જ રીતે તેની અને તેમાં રહેલી બુરાઈ અને જે બુરાઈ સાથે તે ઉતરી રહી છે તેનાથી પનાહ માંગવી , જેમકે વૃક્ષો , જાનવરો અને ઇમારતોને નષ્ટ કરવા , વગેરે , અને આ સવાલ કરવામાં અલ્લાહની સંપૂર્ણતા છે .

http://www.sunnah.global/hadeeth/gu/show/5976